# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે દાદરાનગર હવેલીના સેલવાસ અને દીવની મુલાકાતે જશે.
2) બનાસકાંઠા જિલ્લાની વાવ વિધાનસભા બેઠકની ચૂંટણી માટે મતદાનનો પ્રારંભ.
3) ખ્યાતિ હોસ્પિટલમાં બે દર્દીનાં મૃત્યુની તપાસ સ્ટેટ એન્ટિ-ફ્રોડ યુનિટ-SAFUને સોંપવામાં આવી – આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં આજે બેઠક યોજાશે.
4) રાજ્યના 14 નગરો અને એક મહાનગરમાં વિવિધ વિકાસ કાર્યો માટે 254 કરોડ રૂપિયાના કામોને મંજૂરી
5) રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવઃ છેલ્લાં 24 કલાકમાં મહત્તમ 38 ડિગ્રી તાપમાન રાજકોટ જિલ્લામાં અને સૌથી ઓછું 17 ડિગ્રી તાપમાન અમરેલીમાં.

---

## PREZ UT VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગઇ કાલથી કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવના ત્રણ દિવસના પ્રવાસે છે.

શ્રીમતી મુર્મૂ આજે દાદરાનગર હવેલીની મુલાકાતે આવશે. તેઓ સેલવાસમાં નમો આરોગ્ય શૈક્ષણિક અને સંશોધન સંસ્થાન ખાતે જશે, જ્યાં તેઓ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરશે. શ્રીમતી મુર્મૂ સેલવાસમાં એક જાહેર સમારોહને સંબોધિત કરશે.

દરમિયાન, રાષ્ટ્રપતિની દીવની મુલાકાત પૂર્વે તૈયારીઓ થઈ રહી છે. અમારા દીવના પ્રતિનિધી ભારતી રાવલ જણાવે છે કે, રાષ્ટ્રપતિ દીવ ખૂખરી સ્મારક અને દીવ કિલ્લાની મુલાકાત લેશે. આ પૂર્વે દીવ કિલ્લો ને અને ખૂખરી મેમોરિયલની સજાવટ કરવામાં આવી રહી છે.

ઓડિશાનાં રેત શિલ્પના કલાકારો દ્વારા રાષ્ટ્રપતિનું મુખ બનાવવામાં આવ્યું છે. ખૂખરી મેમોરિયલ પર બહારથી આવેલા અલગ અલગ રાજ્યોનાં કલાકારો પણ તૈયારી કરી રહ્યા છે.

........................................................................................................................

## VAV – BY ELECTION

બનાસકાંઠા જિલ્લાની વાવ વિધાનસભા બેઠકની ચૂંટણી માટે મતદાનનો પ્રારંભ થઈ ગયો છે. આ ચૂંટણીમાં 3 લાખ 10 હજારથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

વાવ વિધાનસભા મતવિસ્તારના ૧૯૨ મતદાન મથક કેન્દ્રો પર આવેલા કુલ ૩૨૧ મતદાન મથકો પર મતદાન યોજાઈ રહ્યું છે. મતદાન સાંજે છ વાગ્યા સુધી ચાલુ રહેશે. મતદાન માટે ૩૨૧ બેલેટ યુનિટ, ૩૨૧ કન્ટ્રોલ યુનિટ અને ૩૨૧ વીવીપેટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે .૨૩ નવેમ્બરનાં રોજ પરિણામ જાહેર થશે.

આ અંગે વધુ માહિતી આપે છે બનાસકાંઠા જિલ્લાનાં અમારા પ્રતિનિધી સવજી ચૌધરી.

(ઓડિયો – સવજી ચૌધરી)

..............................................................................................................

## J K JAGDODA ARVALLI

અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જિલ્લાના મીડિયા કર્મીઓ, તેમજ સામાજિક સંસ્થાઓ માટે અકસ્માત અને ટપાલ વિભાગની પોલિસી આપવાનો કાર્યક્રમ યોજાયો હતો અને આયુષ્યમાન ભારત યોજનાનાં કાર્ડ કઢાવી આપવામાં આવ્યા હતા.

મોડાસાના સર્કિટ હાઉસ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્ય અને કેન્દ્ર સરકારની આરોગ્ય તેમજ વીમા પોલિસી અંગે જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત, રેશન કાર્ડ ઈ-કેવાયસી પણ કરવામાં આવ્યા હતા. આ અંગે અરવલ્લીના અધિક કલેકટર જે. કે. જેગોડાએ વધુ માહિતી આપી.

(ઓડિયો – જે.કે. જેગોડા)

..............................................................................................................

## Rajkot Ticket collection

ટપાલ વિભાગ દ્વારા ટપાલ ટીકીટ સંગ્રહ કરવા માટે નવા પગલાં લેવામાં આવી રહ્યા છે. તેના ભાગરૂપે ગઈ કાલે રાજકોટમાં સેન્ટ પોલ સ્કૂલના રજત જયંતી વર્ષ નિમિત્તે રાજકોટના પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે વિશેષ આવરણનું વિમોચન કર્યું હતું.

શ્રી યાદવે કહ્યું કે ટપાલ ટીકીટ એ ''નન્હા રાજદૂત'' છે, જે વિવિધ દેશોમાં ભ્રમણ કરે છે અને સંસ્કૃતિ, પરંપરા અને વારસાથી પરિચિત કરાવે છે. દરેક ટપાલ ટીકીટ પાછળ એક વાર્તા છુપાયેલી હોય છે અને આજની યુવા પેઢીને આ વાર્તા સાથે જોડવાની જરૂર છે.

ઉલ્લેખનીય છે કે આજની પેઢીને ટપાલ ટીકીટ વિશે જાણકારી મળે તે માટે એક નવી પહેલ તરીકે ટપાલ વિભાગ વિવિધ શાળાઓમાં ફિલાટેલી ક્લબ ખોલી રહ્યું છે.

................................................................................................................

## Khyati Hospital Rishikesh Patel

અમદાવાદની ખ્યાતિ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલની કથિત બેદરકારીને પગલે બે દર્દીનાં મૃત્યુ થતાં રાજ્ય સરકારે તપાસના આદેશ આપ્યા છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ ઘટનાને ગંભીર ગણાવીને ગઈ કાલે સોશિયલ મિડીયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, સ્ટેટ એન્ટિ-ફ્રોડ યુનિટ-SAFUને સમગ્ર ઘટનાની તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે, આ તપાસમાં તબીબી બેદરકારી જણાશે તો હોસ્પિટલ અને તબીબો સામે ગુનો નોંધીને ધરપકડ કરી જરુરી પોલીસ કાર્યવાહી પણ કરવામાં આવશે. આરોગ્ય મંત્રી આજે સવારે આરોગ્ય વિભાગનાં અધિકારીઓ સાથે બેઠક યોજશે. દરમિયાન, બે નિર્દોષ લોકોનાં મૃત્યુ અંગે વિપક્ષ કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, સરકારની રહેમરાહ હેઠળ ગુજરાતમાં મેડિકલ માફિયા બેફામ બન્યા છે. કોંગ્રેસે મૃતકોનાં પરિવારને એક કરોડ રૂપિયાનું વળતર આપવાની માંગણી કરી છે.

................................................................................................................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો.

.................................................................................................................

# CM – VIKAS KAMO NE MANJURI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં વસવાટ કરતા નાગરિકોની સુવિધા માટે 14 નગરો અને એક મહાનગરમાં અંદાજે 254 કરોડ રૂપિયાના વિકાસ કામોને મંજૂરી આપી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જસદણ, હાલોલ, વિરમગામ, પારડી, પાટણ, વેરાવળ, બોટાદ, પોરબંદર, છાયા તેમજ ચોરવાડ, ટંકારા અને કરમસદ, ઉમરગામ, બિલીમોરા તથા વાઘોડિયા નગરપાલિકા અને જૂનાગઢ મહાનગરપાલિકાને લાભ મળશે.

જસદણ નગરપાલિકાને ભાદર નદી પર રિવરફ્રન્ટના કામ માટે 6 કરોડ, હાલોલ નગરપાલિકામાં ટાઉનહોલ નિર્માણ માટે 10.29 કરોડ અને વિરમગામ નગરપાલિકા માટે 8.64 કરોડના કામોની મંજૂરી અપાઈ છે. આ ઉપરાંત જુનાગઢ મહાનગરપાલિકાને 40 કરોડ રૂપિયા, પારડી નગરપાલિકાને 25.29 કરોડ તથા પાટણ નગરપાલિકાને 25.52 કરોડ, વેરાવળ-પાટણ નગરપાલિકા માટે 26.69 કરોડ મંજૂર કરાયા છે.

આ ઉપરાંત કરમસદ નગરપાલિકાને 24.54 કરોડ, ઉમરગામ નગરપાલિકાને 14.93 કરોડ તથા બિલીમોરા નગરપાલિકાને 9.11 કરોડ ભૂગર્ભ યોજના માટે મંજૂર કરવામાં આવ્યા છે.

..........................................................................................................

## TAPI PUNIT NAYER DIPDO

જંગલમાં વસતા દીપડા સહિતનાં પ્રાણીઓ માનવ વસતિમાં આવીને હૂમલો કરતા હોવાનાં બનાવો વધી રહ્યા છે, ત્યારે તાપી જિલ્લાના વન વિભાગે ટેકનોલોજીની મદદથી આ સમસ્યા હલ કરવાનો પ્રયત્ન કર્યો છે.

દીપડા પર તપાસ રાખવા માટે વન વિભાગ દ્વારા બચાવવામાં આવેલા દીપડાને તેની પૂંછડીની અંદર ઇલેક્ટ્રોનિક માઈક્રોચીપ લગાવીને તેને જંગલ વિસ્તારમાં છોડવામાં આવે છે.

માઈક્રોચીપ લગાવવાથી જ્યારે ફરી દીપડો પકડાય ત્યારે તેની અવરજવરની તમામ માહિતી જાણી શકાય છે. તાપી જિલ્લાનાં વન વિભાગે છેલ્લાં બે વર્ષની અંદર 60 જેટલી ઇલેક્ટ્રોનિક માઈક્રોચીપ મૂકી છે.તાપી જિલ્લાના નાયબ વન સંરક્ષક પુનિત નૈયરે આ અંગે વધુ માહિતી આપી.

(ઓડિયો – પુનિત નૈયર, તાપી, નાયબ વન સંરક્ષક)

..........................................................................................................

## Weather

રાજ્યમાં હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. નવેમ્બર મહિનામાં પણ હજુ દિવસે ગરમી હોય છે. જો કે, દરિયાકાંઠાના જિલ્લાઓમાં તાપમાનનો પારો એકથી બે ડિગ્રી ઘટ્યો છે.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી તાપમાનમાં મોટો ફેરફાર નહીં થવાની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગનાં આંકડા મુજબ છેલ્લાં 24 કલાકમાં મહત્તમ 38 ડિગ્રી તાપમાન રાજકોટ જિલ્લામાં અને સૌથી ઓછું 17 ડિગ્રી તાપમાન અમરેલીમાં નોંધાયું હતું.

કંડલા, ભુજ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ડિસા અને વલ્લભ વિદ્યાનગરમાં 37 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે. જ્યારે નલિયા, મહુવા, કેશોદમાં લઘુતમ 18 ડિગ્રી સેલ્સિયસ, ગાંધીનગરમાં 19 ડિગ્રી અને અમદાવાદમાં 20 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

.................................................................................................................

# JEWELLERY INDUSTRY VACATION

અમેરિકા તથા યુરોપનાં દેશોમાં નબળી માંગને લીધે સુરતના જવેરાત ઉત્પાદન ઉદ્યોગને પૂરતા ઓર્ડર નહીં મળતાં એક સપ્તાહનું વેકેશન લંબાવીને 15 દિવસનું કરવામાં આવ્યું છે.

હીરા ઉદ્યોગ પછી હવે જવેરાત ઉદ્યોગનું વેકેશન પણ લંબાયું છે. શહેરનાં 30 ટકા જેટલાં જવેરાત એકમોએ દિવાળી પછી મુહૂર્ત જ કર્યું નથી. જવેરાત ઉદ્યોગમાં પ્રથમ વાર સૌથી લાંબુ વેકેશન રહેશે. સામાન્ય રીતે દિવાળી વેકેશન 7 દિવસનું હોય છે. કારણ કે, નાતાલના ઓર્ડર ડિસેમ્બર મહિનાના પ્રથમ પખવાડિયામાં પૂર્ણ કરવાના હોય છે.

આ વર્ષે નાતાલનાં ઓર્ડર નહીં મળતાં વેકેશન લંબાવી 15 દિવસનું વેકેશન રાખ્યું છે. દેશમાં જવેરાતનાં સૌથી વધુ 450 ઉત્પાદન એકમો  સુરતમાં આવેલા છે.

.................................................................................................................